વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ-
શહેરી વિસ્તારની ગરીબ અને પછાત વર્ગની
સોસાયટીઓ ઉપરાંત અન્ય સોસાયટીઓ
માટે જનભાગીદારીથી રસ્તા અને સ્ટ્રીટ
લાઈટના કામો માટે ધારાસભ્યશ્રી
ગ્રાન્ટમાંથી લોકફાળાની રકમ ફાળવવા
બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૦૨૦૧૨-મંત્રી-૯-ય
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૩-૧૦-૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૯-૦૪-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ- સજય/૧૦૨૦૧૨/૨૨૭/ઘ

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૪-૦૭-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ- સજય/૧૦૨૦૧૨/૨૨૭(૧)/ઘ

(૩) સામાન્ય વહીવટ વિભાગ(આ)નો તા.૨૬-૦૭-૨૦૧૨નો શેરા પત્ર ક્રમાંકઃ-વજઅ/૧૦૨૦૧૨/મંત્રી-૯/ય

આમુખઃ-

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૧)ના ઠરાવથી સ્વર્ણિમ જયંતી-મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીઓમાં જન ભાગીદારીથી રસ્તા અને સ્ટ્રીટ લાઈટના કામો માટે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને તેમની જરૂરીયાત મુજબની માળખકીય સુવિધાઓ ઉભી કરવા માટે રાજય સરકાર દ્વારા સહાય આપવાની સાથે સંસ્થાઓ અને નાગરિકોને પણ સક્ષમ અને સહભાગીદાર બનાવવાના હેતુથી આ યોજના અમલમાં મુકવામાં આવેલ હતી. આ યોજના હેઠળ ૭૦ ટકા રકમ રાજય સહાય તરીકે, ૨૦ ટકા રકમ ખાનગી સોસાયટીઓના સભ્યો પાસેથી તથા ૧૦ ટકા રકમ સ્થાનિક સંસ્થાઓએ ભોગવવાની શરતે આ નીતિ નિયત કરવામાં આવી હતી. સાથે સાથે સ્થાનિક સંસ્થા દ્વારા ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓને અગ્રીમતા આપવા તથા ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ પાસેથી ૧૦ ટકા લોકફાળો લઈ બાકીના ૨૦ ટકા ફાળા માટે સ્થાનિક સંસ્થા અંદાજપત્રમાં ગરીબો માટે અનામત રાખેલ ૨૦ ટકા જોગવાઈનો ઉપયોગ કરવાની નીતિ નિયત કરવામાં આવેલ હતી.

૨ વધુમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંકઃ-(૨) થી ઉપર્યુકત ફકરા-૧માં દર્શાવેલ ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ દ્વારા જમા કરાવવાની થતી ૧૦ ટકા લોકફાળાની રકમ સોસાયટી વતી માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી લોકફાળા પેટે ફાળવી શકાશે તેવી જોગવાઈ નિયત કરવામાં આવેલ હતી, અને ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૩)ના શેરા પત્રથી આ જોગવાઈઓને આ વિભાગ દ્વારા અનુમોદન આપી , સંબંધિત સર્વેને પરિપત્રિત કરવામાં આવી હતી..

...૨...

(J) ઝ



૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઉકત ઠરાવની જોગવાઈઓ અનુસાર સોસાયટી વતી માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ભરવાના થતા ૧૦% લોકફાળાની રકમનો લાભ ફકત ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ માટે જ સીમીત હોવાથી તે સિવાયની અન્ય સોસાયટીઓમાં આ પ્રકારના કામો હાથ ધરી શકાતાં ન હોવાથી માન.ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકતો ન હોવા બાબતે માન.ધારાસભ્યશ્રીઓ તરફથી સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવેલ હતી.

ઠરાવઃ-

*માન.ધારાસભ્યશ્રીઓ તરફથી થયેલ રજૂઆતોને ધ્યાને લઈ સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે ઉપર્યુકત નિયત થયેલ નીતિમાં માન.ધારાસભ્યશ્રીઓ દ્વારા ૧૦ ટકા લોકફાળાની રકમ શહેરી વિસ્તારની ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ ઉપરાંત અન્ય સોસાયટીઓ માટે પણ તેમના ફંડમાંથી સૂચવી શકે તે માટે આથી મંજૂરી આપવામાં આવે છે.*

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એસ. ત્રિવેદી)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- નામ.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,
- માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી,
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- માન.મંત્રીશ્રી(આયોજન)ના અંગત સચિવશ્રી,
- સર્વે માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
- મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી,
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
- સર્વે વિભાગના અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રીઓ,
- ૪૧ વિકાસશીલ તાલુકાઓના સર્વે ઈન્ચાર્જ સચિવશ્રીઓ,
- દરેક જિલ્લાના પ્રભારી સચિવશ્રીઓ,
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ,
- નાણાંવિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે માન. સંસદસભ્યશ્રીઓ/સર્વે માન. ધારાસભ્યશ્રીઓ/સર્વે માન. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- માહિતી કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, આ બાબતે બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર,
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ,
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ/નિયામકશ્રી, નગરપાલિકાઓ,
- સર્વે નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- સામાન્ય વહીવટ વિભાગ(આયોજન પ્રભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ),
- સામાન્ય વહીવટ વિભાગ-બજેટ(લ)શાખા,
- આયોજન પ્રભાગ હેઠળના સર્વે ખાતાના વડાશ્રીઓ,
- ઉપસચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, આ ઠરાવ GSWAN ઉપર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ/શાખા ફાઈલ.